# ॥ ઋણ સ્વીકાર ॥

**મને નવી દિશા અને રાહ બતાવનાર**

**પ્રો. ભરત મહેતા સરને**

**કોટિ કોટિ વંદન**

સૌપ્રથમ આભાર માનું છું મારા માતા-પિતાનો કે જેમણે મને આંગળી પકડી શાળાએ મોકલ્યો. જ્યાં સરસ્વતી દેવી બિરાજમાન હોય છે. આમ ભણતાં ભણતાં હું કૉલેજ સુધી પહોંચી ગયો. મારા માતા-પિતાને પ્રણામ અને મારા માર્ગદર્શકશ્રી પ્રો. ભરત મહેતા સરનો આભારી છું, કારણ કે હું પોતે આદિવાસી સમાજમાંથી આવું છું અને મારા આદિવાસી સમાજમાં પણ રીતિ, નીતિ, સંસ્કૃતિ અને મૂલ્યો પડેલ છે અને જેમનો નાતો કુદરતનાં તત્વો-અંગો સાથે એટલે કે જળ, જંગલ, જમીન સાથે જોડાયેલ છે તેવો આદિવાસે સમાજ અને એ સમાજ વિશે શીખવનાર જ મારા માર્ગદર્શક શ્રી ભરત મહેતા સરને નતમસ્તકથી નમન અને પ્રણામ.

ગુજરાતી વિભાગના ભૂતપૂર્વ વડા ડૉ. દીપક રાવલ સાહેબનો આભાર તથા નવનિયુક્ત વડા શ્રી પુંડલિક પવાર સાહેબનો આભાર જેમણે પરોક્ષ રીતે મને માર્ગદર્શન પૂરું પાડ્યું. ગુજરાતી વિભાગના સર્વે ગુરુજનોને વંદન અને આભાર જેઓએ મને હંમેશા સસ્મિત હિંમત આપી મહેનત કરવાની પ્રેરણા આપતા રહ્યા.

ગુજરાતી વિષયમાં સંશોધનનો અભ્યાસ કરતા મારા સાથી મિત્રો હેમંતભાઈ, દિલીપભાઈ, યોગેશભાઈ, રાજેન્દ્રભાઈ, કનુભાઈ, યાકુબભાઈ તેમજ બીજા અનેક મિત્રો જેમણે મને અનેક રીતે મદદ કરી તે સર્વનો ખૂબ ખૂબ આભાર.

તેજગઢ ભાષાસંશોધન કેન્દ્રનો આભાર જેઓ મારા સંશોધનના અભ્યાસ માટે આશીર્વાદરૂપ બન્યા. મને સમયસર કમ્પ્યુટર કાર્ય કરી આપનાર ડૉ. દિપકભાઈ વ્યાસનો હું અંતરના ઊંડાણથી આભાર આભાર માનું છું.

**શોધકર્તા**

**માલસિંગ વી. રાઠવા**

**તા. ૦૨/૦૫/૨૦૧૯**

**સ્થળ: વડોદરા**